ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૬ ટકા

કળા અને કલાકારોને વૈશ્વિક મંચ પૂરું પાડવાના ઉદ્દેશ સાથે

# આજે વિશ્વ કઠપુતળી દિવસ ઉજવાશે





ગાંધીનગર, તા.૨૦

કઠપુતળી નામ પડતાં જ બાળપણની એક અલગ જ મનોરંજનની દુનિયા માનસપટ પર છવાઈ જાય છે. ગામની શેરીમાં સ્ટ્રીટ લાઈટના ઝાંખા અજવાળે અથવા ફાનસ કે પેટ્રોમેક્સના અજવાળે કઠપુતળીના ખેલ શરૂ થાય ત્યારે માત્ર બાળકો જ નહીં વડિલો પણ આ કળાને માણવા ઊભા રહી જતાં હતા. એ સમયે ટીવી કે મોબાઈલ જેવા મનોરંજનના સાધનો ન હતા. આ લોકકળા જ લોકરંજનનું બળુકું માધ્યમ હતી.

આજે મોબાઈલ ટેકનોલોજી અને ટીવીએ મનોરંજનની દુનિયા બદલી બદલી નાખી છે. ગાંધીનગરના વસંતોત્સવમાં કઠપુતળીનો ખેલ રજૂ કરતા કળાકાર પ્રભુભાઈ ભટ્ટ કહે છે, “આજે કઠપુતળીનું સ્થાન આધુનિક પપેટે લઈ લીધું છે.” તેમની વાત સાચી છે. સામાજિક શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ પરિણામ આપવાના સામર્થ્યને કારણે આજે પપેટનું મહત્વ અનેકગણું વધી ગયું છે. ખાસ કરીને બાળકોને પપેટ દ્વારા શિક્ષણ આપવાના પ્રયોગમાં પણ સફળતા મળી રહી છે. પપેટના આ મહત્વને ધ્યાને લઈને પપેટની કળાને વૈશ્વિક ઓળખ આપવા અને તેને રજૂ કરનારા કળાકારોને પ્રોત્સાહિત કરવા યુનેસ્કો સાથે સંકળાયેલી યુનિયન ઈન્ટરનેશનલ-દ-લા-મરીઓનેટે નામની સંસ્થાએ વર્ષ ૨૦૦૩થી સમગ્ર વિશ્વમાં પ્રતિ વર્ષ ૨૧ માર્ચને વિશ્વ કઠપુતળી દિન World Puppatry Day તરીકે ઉજવવાનું શરૂ કર્યુ હતું.

આમ તો ભારતમાં કઠપુતળીની કળા બે હજાર વર્ષ જૂની છે. કઠપુતળીની કળાની જનની રાજસ્થાનની ભૂમિ હોવાનું માનવામાં આવે છે. કઠપુતળીને પાતળી દોરીથી બાંધીને હાથના આંગળાથી કે લાકડીની મદદથી નચાવવામાં કઠપુતળીના કળાકારો માહેર હોય છે. ઈતિહાસના શૌર્ય અને પ્રેમ પ્રસંગોની પ્રસ્તુતિ આ કળાની ખાસ વિશેષતા રહી છે. ખાસ કરીને મહારાણા પ્રતાપ અને અમરસિંહ રાઠોડના પ્રસંગોને કઠપુતળીના માધ્યમથી રજૂ કરવાની પ્રથા બહુ જ પ્રચલિત છે. આ એક એવી કળા છે, જ્યાં વિવિધ કળાનો સંગમ જોવા મળે છે. અહીં નાટ્યકળા, ચિત્રકળા, મૂર્તિકળા, કાષ્ઠકળા, શણગાર, સંગીત અને નૃત્ય જેવી કળા એક સાથે જોડાયેલી જોવા મળે છે. પ્રાચીન સમયથી કઠપુતળીની કળા સામાજિક શિક્ષણનું સબળ માધ્યમ બની રહી છે. લોકો સુધી સંદેશો પહોંચાડવા માટે આ કળાનો ઉપયોગ જૂનો અને જાણીતો છે. લોકવાયકા પ્રમાણે ઔરંગઝેબના સમયમાં કઠપુતળીના ખેલમાં પૃથ્વીરાજ ચૌહાણ અને અમરસિંહ રાઠોડની શૂરવીરતા રજૂ કરાતી હતી. સ્થાનિક લોકોમાં બળવો થવાની આશંકાના કારણે ઔરંગઝેબે આ કળા ઉપર પ્રતિબંધ મુક્યો હતો. ત્યારથી કઠપુતળીના ખેલ કરનારે મુખથી સંવાદો બોલવાનું બંધ કરીને પિપૂડાથી સંવાદ રજૂ કરવાનું શરૂ કર્યું હોવાનું માનવામાં આવે છે. પ્રાદેશિક વૈવિધ્યને કારણે કઠપુતળીની કળા અલગ અલગ ક્ષેત્રોમાં અલગ અલગ નામથી ઓળખાય છે. ઓરિસ્સામાં તે સાખી કુંદેઈ, મહારાષ્ટ્રમાં માલાસૂત્રી બહુલી, કર્ણાટકમાં ગોમ્બેયેટ્ટા, તામિલનાડુમાં બોમ્મલટ્ટમ, કેરલમાં તોલપવકૂથુ તેમજ આંધ્રપ્રદેશમાં થોલુ બોમલતા તરીકે ઓળખાતી આ કળા ભારતના દરેક પ્રાંતમાં પ્રચલિત છે. ભારતમાં ટ્રેડિશનલ અને મોડર્ન એમ બે પ્રકારના કઠપુતળીકાર જોવા મળે છે પપેટના વિવિધ પ્રકારો પણ છે. જેમ કે ગ્લવ્ઝ પપેટ જે હાથમાં પહેરીને દર્શાવાય છે. રોડ ટ્રેડિશનલ અને મોડર્ન એમ બે પ્રકારના કઠપુતળીકાર જોવા મળે છે પપેટના વિવિધ પ્રકારો પણ છે. જેમ કે ગ્લવ્ઝ પપેટ જે હાથમાં પહેરીને દર્શાવાય છે. ભારતની આ પરંપરાગત કઠપુતળીની કળા આજે લગ્ન પ્રસંગે, હોટલ કે રિસોર્ટમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે, જો કે આ કળાના ઉચિત ઉપયોગના અભાવે તે મૃતઃપ્રાય બનતી જાય છે. જાણીતા પપેટીયર દાદી પદમજી કહે છે તેમ આ કળાને પસંદ કરતું ઓડિયન્સ ઊભું કરવું પડશે. પપેટમાં નવાં પ્રયોગો કરવાથી ચોક્કસ આકર્ષી શકાશે વાત તો સાચી છે. બાળકો માટેની દૂરદર્શનની પ્રસિદ્ધ સિરીયલ ગલી ગલી સિમ સિમ... માં આ પપેટ કળાનો બખુબી ઉપયોગ કરીને બાળકોમા મનોરંજન સાથે શિક્ષણના હેતુને સિદ્ધ કરવાનો સુંદર પ્રયાસ થયો છે. આવા પ્રયાસો વિશ્વભરમાં થતા રહે છે... એટલે જ આ કળા અને આ કળાને પ્રસ્તુત કરનારા કળાકારને પ્રોત્સાહિત કરવા અને તેમના મહત્વને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાના ઉદ્દેશ સાથે ૨૧ માર્ચનો દિવસ વિશ્વ કઠપુતળી દિવસ તરીકે ઉજવાય છે.

## જન્મદિને વધામણી



**ભાવિન પટેલ**
સંચાલક, પનઘટ કલા કેન્દ્ર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૫૭૫૫૬



**નરેન્દ્રકુમાર શિવાભાઈ પટેલ**
પ્રમુખ, શ્રી નારદીપુર ૪૨ ગામ કડવા પાટીદાર પરિવાર
અમદાવાદ-ગાંધીનગર
મો.૭૬૯૮૮ ૯૨૯૨૨



**ગુંજન પટેલ**
મો.૯૪૦૯૨ ૮૪૩૧૭



**ડો. ભાગીરથી કેતન ભટ્ટ**
અધ્યાપક, રાષ્ટ્રભાષા કોલેજ,
મો. ૯૪૨૬૫ ૭૨૦૪૧



**શોભનાબા એ. વાઘેલા**
ટ્રસ્ટી, શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૪૮



**જયદેવ ભાવસાર**

## સ્માર્ટ કીડ્સ નર્સરી સ્કૂલ ખાતે વિશ્વ ચકલી દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા.૨૦

સેક્ટર ૧ ખાતે કાર્યરત સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલ દ્વારા શાળાના બાળકોએ વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરી હતી. જેમાં દરેક બાળકને ચકલી ઘર ભેટ સ્વરૂપે આપીને બાળકોમાં ચકલી દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ચકલી એટલે નાના બાળકોનું મનગમતું પક્ષી. ચકલી બચાઓના ભાગરૂપે આજનો દિવસ ઉજવવામાં આવે છે. ચકલીની પ્રજાતિ સમય જતા લુપ્ત થતી જાય છે, જેના જોખમને નાથવા તથા તેના બચાવ અંગેની લોકજાગૃતિના હેતુ સાથે આ દિવસની ઉજવણી શાળામાં કરવામાં આવી હતી. ગાંધીનગરના કુદરત પ્રેમી અગ્રણીઓ કુસુમબેન અને મનીષાબેનના સાથ સહકારથી આજના વિશ્વ ચકલી દિવસ નિમિતે બાળકોને માર્ગદર્શન મળ્યું અને ચકલીના માળાની ભેટ આપવામાં આવી હતી.




સોમવારે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે શ્રી ગોગા સિકોતર સેવા ટ્રસ્ટ (બાલવા) દ્વારા ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

## પીડીઈયુ ખાતે ભાવિ એન્જિનિયરો માટે સ્કીલ ડેવલપમેન્ટ વર્કશોપ

ગાંધીનગર, તા.૨૦

પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીનાં સ્કૂલ ઓફ એનર્જી ટેકનોલોજીમાં કેમિકલ એન્જિનિયરિંગ વિભાગે ૧૮મી-૧૯મી માર્ચના રોજ બે દિવસીય "હેન્ડ્સ ઓન વર્કશોપ ઓફ એક્સપેરિમેન્ટલ ટેક્નિક એન્ડ સોફ્ટવેર એનાલિસિસ"નું આયોજન કર્યું હતું. વર્કશોપમાં ગેસ સેપરેશન અને વોટર ટ્રીટમેન્ટ ક્ષેત્રે સંશોધન તકનીકો અને અત્યાધુનિક સાધનો, અને સિમ્યુલેશન-આધારિત તાલીમ માટે વિવિધ પ્લેટફોર્મ વિશે માહિતગાર કરવાનાં સત્રો હાથ ધરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને કંટ્રોલ સિસ્ટમ્સનું વિશ્લેષણ કરવા માટે વિવિધ સામાન્ય ગણતરીના સાધનો અને અલ્ગોરિધમ્સ પણ દર્શાવવામાં આવ્યા હતા.



PDEU ખાતે કેમિકલ વિભાગ વારંવાર વિદ્યાર્થીઓને નવીન શિક્ષણનો અનુભવ પ્રદાન કરવા માટે આવા ખરેખર માહિતીપ્રદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વર્કશોપમાં ગુજરાત અને ગુજરાત બહારની વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોના વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. તેમને કેમિકલ વિભાગની રિસર્ચ લેબોરેટરીમાં વિવિધ સુવિધાઓના જીવંત પ્રયોગનો અનુભવ કરવાની તક પૂરી પાડવામાં આવી હતી.

## સે-૨૩ ખાતે કલા અને હસ્તકલા સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં સેક્ટર-૨૪ ખાતે સર્જનાત્મક કલાઓ વિકસે તે હેતુસર મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત અને યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી કલા અને હસ્તકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર, માણસા અને અમદાવાદ શહેરોના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સહભાગી વિદ્યાર્થીઓએ અનેક રંગીન પેપરોમાંથી જેમકે.. ફૂલદાની, એટીએમ કાર્ડ, સ્પેસશટલ, મિકી માઉસ, સોફા-પલંગ, લેમ્પ, હીંચકો, કપ વગેરે જેવી વસ્તુઓ બનાવી પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું અને બાળકોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્પર્ધામાં યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સંચાલક પુનિત શર્માના વરદહસ્તે દરેક સ્પર્ધકોને સર્ટિફિકેટ અને ટ્રોફી આપીને ગૌરવ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા તથા આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગર થકી પક્ષીઓ માટે પાણી પીવાના બાઉલનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા દરેક સ્પર્ધકોને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

## જ્યોતિષ ક્ષેત્રે વિષ્ણુભાઈ વૈષ્ણવ ઉજ્જૈન ખાતે ઈન્ડીયા ટોપ ટેન એવોર્ડથી સન્માનિત



ગાંધીનગર, તા. ૨૦

જ્યોતિષ વેદના ચક્ષુ છે. ભારતીય પંચાંગ અને ખગોળ ગણિત શાસ્ત્રથી આકાશીય ઘટનાઓ અને તેની અસરો વિશે સચોટ જાણકારી મેળવી સકાય છે. જેની શુભાશુભ અસરો સીધી માનવજાતિ પર દેખાય છે. જેનો અભ્યાસ અનેક સંસ્થાઓ કરે છે.

હાલમાં જ મહાકાલ નગરી ઉજ્જૈન ખાતે બે દિવસનો ભવ્ય જ્યોતિષ સંમેલન કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે વિષ્ણુભાઈ વૈષ્ણવ જ્યોતિષાચાર્યને ‘‘ઈન્ડીયા ટોપ ટેન-૨૦૨૩’ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. જેઓ વેદિક એસ્ટ્રો ફાઉન્ડેશન ગાંધીનગરના સંચાલક અને પ્રમુખ છે. સંસ્થા દ્વારા સોમનાથ યુનિવર્સિટી માન્ય ડીપ્લોમાં કોર્ષ ચલાવી વિદ્યાર્થીઓને માન્ય ડીગ્રી પ્રાપ્ત કરાવી છે. આ પ્રસંગે ભારતના અને આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાન જ્યોતિષીઓ સર્વ ડૉ. એચ.એસ. રાવત (આસ્થા ટી.વી.), આચાર્ય અનિલ વસ્તાજી (દિલ્હી), વર્લ્ડ ફેમસ જ્યોતિષી અજય બંભાણી (દિવ્ય ભાસ્કર), શર્માજી પૂજારી મહાકાલ મંદિર વગેરેના મહાનુભાવો દ્વારા તેમની હાજરીમાં સન્માનિત થયાનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ. વૈષ્ણવે આ પ્રસંગે જ્યોતિષ વિષય પર સભામાં ઉદ્બોધન પણ કર્યુ હતુ.

## મહિલાઓની કલાકારીગરી જેવા મધુબની આર્ટના ચિત્રોનું પ્રદર્શન



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર કુડાસણ ખાતે આવેલા ઈમેજીન આર્ટ હબ ખાતે મધુબની આર્ટના ચિત્રોનું અદ્ભુત પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું. મધુબની ચિત્રકલા એ બિહારના મુઝફ્ફરપુર, દરભંગા, પૂર્ણિયા અને મધુબની જિલ્લાઓની મહિલાઓની લોક-ચિત્રકલા છે. આ વિસ્તારની બ્રાહ્મણ અને કાયસ્થ જાતિની સ્ત્રીઓ પરંપરાગત રીતે આ કલાનું સર્જન કરતી આવી છે. ઘરની ભીંતો, માટલાં, સૂપડાં અને મંદિરોના બાહ્ય ભાગ પર આ કલા આવિષ્કાર પામતી રહી છે. ઉત્સવ કે લગ્ન પ્રસંગે તેનું આલેખન કરવામાં આવે છે. ‘રામાયણ’, ‘મહાભારત’ના પ્રસંગો, કૃષ્ણની રાસલીલા, દુર્ગા, વાઘ, પનિહારીઓ તથા આધુનિક જમાનાના રેલવે, મોટરકાર, ઊડતાં વિમાન જેવા વિષયોનું તેમાં આલેખન થાય છે. અગાઉ તેમાં સ્થાનિક ધોરણે હાથે બનાવેલા રંગોનો જ ઉપયોગ થતો. વાદળી, રાણી (ઘેરો ગુલાબી), પોપટી, પીળો અને કાળો એ મુખ્ય રંગો છે. વડના દૂધમાં હળદર મિશ્ર કરી પીળો રંગ બનાવાતો. કંકુમાં દૂધ મેળવી લાલ, ગુલાબી ફૂલોને વાટીને ગુલાબી, કોલસામાંથી કાળો અને ગળીમાંથી વાદળી-ભૂરો એમ રંગો બનાવાતા હતા. ૧૯૬૮ પછી તૈયાર બજારુ રંગોનું ચલણ શરૂ થયું. ઝાડની જાડી-પાતળી ડાળીઓ ઉપર કપડું બાંધી પીંછી તૈયાર થતી.

આ કલા હવે ગાંધીનગર ખાતે ઈમેજીન આર્ટ હબ ખાતે નિકિતા વાઘેલા કુલકર્ણી દ્વારા શીખવવામાં આવે છે. ગાંધીનગરની પૂજા ગંગરાસ, પ્રિયા રવિ, ફાલ્ગુની શાહ, હર્ષલા ખૈરે, વર્ષા ડાંગે, પલ્લવી સિંઘ, ભૂમિકા પટેલ, પ્રિયા કાકડિયા, અનુપમા સિંઘ અને રૂચિ પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલા મધુબની આર્ટના ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં મહેમાન તરીકે ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે હાજરી આપી હતી. નિકિતા કુલકર્ણી દ્વારા દર વખતે કંઈ અલગ જ ક્રિએટિવ કાર્ય કરવામાં આવે છે. આ મધુબની આર્ટ દ્વારા તેઓ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા મદદરૂપ થાય છે.

## ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા. ૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ફેબ્રુઆરી ૨૦૨૩ના સત્ર અન્વયે વિવિધ સર્ટિફિકેટ/ ડિપ્લોમાં/ બી.એ. બી.કો./ એમ.એ. માં ૩૧-૩-૨૦૨૩ સુધી ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી ચાલુ છે.

રસ ધરાવનારે baou.edu.in વેબસાઈટ પર જઈ કાર્યવાહી કરવા કેન્દ્ર સંયોજક, ૦૫૦૧ સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫ ગાંધીનગરની યાદીમાં જણાવેલ છે.

## સરકારી વાણિજ્ય કોલેજનો વાર્ષિકોત્સવ અને શુભેચ્છા સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૨૦

સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ખાતે આજરોજ વાર્ષિકોત્સવ તેમજ અંતિમ વર્ષમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરેલ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે નિવૃત્ત એડિશનલ સેક્રેટરી મુકેશભાઈ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા, જેઓએ વિદ્યાર્થીઓને કોઈપણ મુકામે આગળ વધવા તરફ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ ઈનામ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. આ સાથે કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કોલેજના આચાર્ય ડૉ.એ.એન. સુતરીયાએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

## સે.૩૦ સરકારી પ્રાથમિક શાળામાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી



વિશ્વ ચકલી દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ અલગ અલગ પ્રકારની ખૂબ જ સુંદર માળા બનાવ્યા હતા. વિદ્યાર્થીઓને ચકલીના અસ્તિત્વ ને જાળવી રાખવા માટે સમજાવવામાં આવ્યું હતું. ચકલીને ચણ ખવડાવવાની અને પાણીની વ્યવસ્થા કરવા માટે સમજ આપવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર તખાજી નાથાજી ઉ.વ.૭૨, રૂપાલ
- સ્વ.શ્રીગોર ચંપાબેન જીવણભાઈ ઉ.વ.૯૮, સોનારડા
- સ્વ.સુબોધ કિસનદાસ ઉ.વ.૫૩, છત્રાલ, કલોલ